ઉનાળાની બળબળતી ગરમીમાં જ્યાં લોકો આંખે સનગ્લાસ ચઢાવીને પણ તાપમાં ઉંચે જોવાની હિંમત કરી શકતા નથી ત્યાં શહેરમાં ઠેર ઠેર ખીલેલા ગુલમહોર અને ગરમાળા નગરજનોને તેની તરફ જોવા મજબૂર કરે છે. સેક્ટર-૧૧ના કોમર્શીયલ વિસ્તારમાં ખીલેલો આ ગુલમહોર અહીંથી પસાર થતા દરેકની આંખને અનેરી ઠંડક આપી રહ્યો છે. (તસવીર : કશ્યપ નિમાવત)

સે-૧૯ કોંગ્રેસ વોર્ડ સમિતિ ભાજપમાં જોડાતા ઉમળકો

ભાજપના નેતાઓએ સમિતિના સભ્યોનું સ્વાગત કર્યું

ગાંધીનગર, તા.૨૬

સે-૧૯ કોંગ્રેસની વોર્ડ સમિતિ ભાજપમાં જોડાઈ જતા સેકટરના બુથ સ્તરે કોંગ્રેસને ફટકો પડયો છે. સમિતિના હોદ્દેદારો ઉપરાંત અન્ય ૧૪ આગેવાનો ભાજપમાં જોડાતા ભાજપ કાર્યાલયે તેમનું સ્વગત કરવામાં આવ્યું હતું.

લોકસભાની ચૂંટણી સમયે પી.એમ. પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને વ્યાપક સમર્થ મળી રહ્યું છે જયારે ગાંધીનગરની બેઠક પરથી ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણી ચુંટણી લડી રહ્યા હોવાથી તેમને જંગી બહુમતીથી જીતાડવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગાંધીનગર મહાનગર ભાજપના મીડીયા કન્વીનર જીજ્ઞેશ એ. જોષીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરના સે-૧૯ની કોંગ્રેસ વોર્ડ સમિતિએ ભાજપને સમર્થન જાહેર કર્યું છે. આ વોર્ડ સમિતિ ભાજપમાં જોડાઈ જતા સે-૧૯ના બુથ સ્તરે કોંગ્રેસને મોટો ફટકો પડયો છે. સે-૧૯ કોંગ્રેસ વોર્ડ સમિતિના પ્રમુખ વિષ્ણુભાઈ શંકરલાલ પ્રજાપતિ, રાકેશ ગોસ્વામી, કનુભાઈ દેસાઈ, જીવણભાઈ દેસાઈ, સંજયસિંહ ચાવડા સહીત અન્ય ૧૪ આગેવાનો ભાજપમાં જોડાઈ ગયા છે. આ તબક્કે ભાજપ કાર્યાલય ખાતે પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ, મહાનગરના અધ્યક્ષ નીતિનભાઈ પટેલ, ધારાસભ્ય તેમજ મેયરની હાજરીમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ભાજપમાં જોડાનાર કોંગ્રેસી આગેવાનોએ આ તબક્કે જણાવ્યું હતું કે વિકાસને સમર્થન આપવા અડવાણીજીને જંગી બહુમતીથી જીતાડવા કટિબધ્ધ છીએ.

થલતેજ વિસ્તારમાં મોડી રાત્રે આગથી ભારે નાસભાગ થઈ

આગ બાદ મચી ગયેલી ભાગદોડમાં કુલ છ લોકોને નજીવી ઈજા : આગના બનાવમાં ફાયર બ્રિગેડ દ્વારા ઉંડી ચકાસણી

અમદાવાદ, તા.૨૬

અદમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટના પાર્કીંગમાં મોડી રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ભયાનક આગમાં પાર્કીંગમાં રહેલા અંદાજે ૨૪ જેટલા બાઈક-સ્કુટર બળીને ખાખ થઈ ગયા હતા, જ્યારે એકાએક આગના કારણે ભાગદોડ મચી જવા પામી હતી. આ ભાગદોડમાં છ લોકોને નાની-મોટી ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આગના ધુમાડાના ગોટેગોટાથી સમગ્ર વાતાવરણ ભયભીત બની ગયું હતું. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ગતરાત્રીના એકાદ વાગ્યાની આસપાસ થલતેજ ખાતેના ઓમક્રિષ્ના એપાર્ટમેન્ટના પાર્કીંગમાં એકાએક આગ ફાટી નીકળી હતી. જેના કારણે ત્યાંના રહીશો ઘરની બહાર દોડી આવ્યા હતા. આગના કારણે ચાર માળના એપાર્ટમેન્ટમાં અફરાતરફરી મચી જવા પામી હતી. એક ભાઈએ પોતાનો જીવ બચાવવા આગાસીમાંથી કુદકો મારી દીધો હતો. આ ભીષણ આગમાં અંદાજે ૨૪ જેટલા બાઈક્-સ્કુટર તથા ૧૦ જેટલી સાઈકલ બળીને ભળથુ થઈ ગઈ હતી. આગે પાર્કીંગમાં રહેલા બધા વાહનોને ઝપેટમાં લઈ લીધા હતા. આ ભયાવદ આગના કારણે ચાર મકાનોમાં શોર્ટશર્કીટની ઘટના બની હતી. તો બીજા ૧૦ જેટલા મકાનોમાં નુકશાન થયું હતું. આ દુર્ઘટના બાદ ગણતરીની મિનિટોમાં ફાયરબ્રિગેડ અને ત્રણ ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયરબ્રિગેડના જવાનોએ એક કલાકની ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. બીજી તરફ આ આગ લાગવાનું કારણ જાણવા માટે એફએસએલે ઘટના સ્થળેથી નમૂના લઈને તપાસ હાથ ધરી હતી. આ દુર્ઘટનામાં એપાર્ટમેન્ટમાં ૧૦૪ નંબરમાં રહેતા પુષ્પાબેન અને રાજેશભાઈ ઘાયલ થતાં તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ એપાર્ટમેન્ટમાં રહેતા રમણદાસ કલાલ નામના વ્યક્તિએ પોતાનો જીવ બચાવવા આગાસીમાંથી કુદકો મારતા તેમના પગમાં ઈજા પહોંચી હતી. આ દુર્ઘટનામાં એપાર્ટમેન્ટમાં રહેતા ૬૫ લોકોના જીવ ટાળવે ચોંટી ગયા હતા. જો કે કોઈ મોટી જાનમાલની હાનિ ટળી ગઈ હતી. ફાયરબ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ તમામ લોકોને ઘરની બહાર કાઢ્યા હતા. ૧૦ મકાનો સહિત એપાર્ટમેન્ટમાં મોટી માત્રામાં નુકશાન પહોંચ્યું હતું જેથી લોકોને બહાર રહેવાની ફરજ પડી.

ગરમીનું તાપમાન ૪૦ ડિગ્રી અને અચાનક વાતાવરણમાં પલટો આવી ગયો. શનિવારની સાંજે વાદળો અને સૂરજ વચ્ચે સંતાકૂકડી શરુ થઈ ગઈ અને લોકોમાં અઠવાડીયા અગાઉ આવી ગયેલ વાવાઝોડાની યાદ તાજી થઈ ગઈ. (તસવીર : કશ્યપ નિમાવત)

મેચોમાં સટ્ટાના રેકેટનો અંતે પર્દાફાશ : ઉની ધરપકડ થઈ

બાતમી મળ્યા બાદ ફ્લેટ પર દરોડા : સટ્ટો રમતા શખ્સો રંગે હાથ ઝડપાયા : કુલ ૨.૫૧ લાખનો મુદ્દામાલ કબજે

અમદાવાદ, તા.૨૬

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગની મેચો સંયુક્ત અરબ અમિરાતમાં રમાઈ રહી છે પરંતુ આ મેચો ઉપર સટ્ટા ભારતભરમાં રમાઈ રહ્યા છે જેમાં અમદાવાદના જુદા જુદા ક્ષેત્રોમાં પણ સટ્ટા રમવામાં આવે છે. ચોક્કસ બાતમીના આધારે સેટેલાઈટ પોલીસે દરોડો પાડીને સટ્ટા રેકેટનો પર્દાફાશ કર્યો છે અને આ સંબંધમાં ત્રણની ધરપકડ કરીને પુછપરછ હાથ ધરી છે.

સેટેલાઈટ પોલીસે આઈપીએલ ટી-ટ્વેન્ટીની મેચ પર સટ્ટો રમાડવાના રેકેટનો અંતે પર્દાફાશ કર્યો છે. આ મામલામાં પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. સેટેલાઈટ પોલીસે બાતમીના આધારે આઈએસઆરઓની પાછળ આવેલા શુભદર્શન ફ્લેટ પર દરોડા પાડ્યા હતા. ગતરોજ મુંબઈ તથા ચેન્નાઈની ટીમ વચ્ચે રમાયેલી મેચ પર સટ્ટો રમાડતા આરોપીઓને પોલીસે રંગે હાથ ઝડપી લીધા હતા. પોલીસે ત્રણ મોબાઈલ ફોન, લેપટોપ, ટીવી, રોકડ રકમ રૂા. ૧૮,૯૬૦ અને કાર સહિત ૨.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. અમદાવાદના નરેન્દ્ર કાંતિલાલ શાહ તથા વિસનગરના રાકેશ નારાયણભાઈ પટેલ તથા હિતેષ જગદીશભાઈ પરમારની ધરપકડ કરી છે. બે સપ્તાહ અગાઉ નરેન્દ્ર કાંતિલાલ શાહે ભાડેથી ફ્લેટ રાખી ક્રિકેટ સટ્ટા બેટીંગનું કામકાજ શરૂ કર્યું હતું. પકડાયેલા ત્રણેય આરોપીઓ જગાભાઈ મારવાડી પાસે સટ્ટો કપાવતા હોવાની વિગતો બહાર આવતા પોલીસે ફરાર બુકી જગા મારવાડીની શોધખોળ શરૂ કરી છે. તેમજ જુગાર રમાડતા ત્રણેય વિરૂદ્ધ કાયદેસરનો ગુનો દાખલ આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા સમગ્ર મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવ્યા બાદ નવી વિગત ખુલે તેવી શક્યતા છે. હાલમાં આઈપીએલની મેચો ચાલી રહી છે. પોલીસે હજુ વધુ માહિતી આપી નથી.

આજે વૈજનાથ મહાદેવ ખાતે લઘુરૂદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના 'ચ' રોડ પર સેકટર-૨૧માં આવેલ શ્રી વૈજનાથ મહાદેવ મંદિર ખાતે રૂદ્રાભિષેક મંડળ દ્વારા લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યુ છે. આ લઘુરૂદ્ર તા. ૨૭મી એપ્રિલ, રવિવારે સાંજે ૫ વાગે યોજાશે. જેમાં તમામ ધર્મપ્રેમી ભાવિક ભકતોને ભાગ લેવા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

આવતીકાલે સે-૩-ડીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના મા મેલડી આનંદ ગરબા મંડળ અને કૃષ્ણમંડળ દ્વરા તા. ૨૮મી એપ્રિલ સોમવારે સેકટર-૩-ડીમાં આવેલ રામેશ્વર મંદિર ખાતે આનંદનો ગરબો યોજેલ છે. આ આનંદનો ગરબો બપોરે ૨.૩૦ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન યોજાશે તો તમામ ધર્મપ્રેમી ભાવિક ભકતોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

રાણીપ ખાતે મંગળવારે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા રાણી અમદાવાદ ખાતે આવેલ રાધાસ્વામી સત્સંગની પાછળ કસ્તુરબા સોસાયટીમાં બંગલા નં. ૧૧ ખાતે સવિતાબેન આર. લેઉવાના યજમાન પદે તા. ૨૯મી એપ્રિલ, મંગળવારે આનંદનો ગરબો યોજાશે. આ આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં ભાગ લેવા સર્વે ધર્મપ્રેમી ભાવિક ભકતોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના મતદારો જોગ

ગાંધીનગર, તા. ૨૬

ગાંદ્યીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ગુજરાત વિદ્યાનસભા મતદાર વિભાગની લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૪ ના મતદાન મથકોએ તા. ૩૦/૦૪/૨૦૧૪ના રોજ મતદાન થનાર છે. જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાનો મત આપવા એકઠા થવાના છે. જે સ્થળોએ મતદાન થનાર છે, તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારમાં તા. ૩૦/૦૪/૨૦૧૪ ના રોજ અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા પગલા લેવા જરૂરી છે.

અદ્યિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંદ્યીનગર શ્રી ડી. એમ.ડી. મોડિયા દ્વારા તેમને મળેલ અદ્યિકારની રૂઇએ ચુંટણીમાં મતાદ્યિકાર વાપરનાર તમામ મતદારો જોગ આદેશાત્મક હુકમ ફરમાવવામાં આવ્યા છે. જે મુજબ (૧) જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અદ્યિકૃત -વેશ સ્થાન પાસે એક લાઇનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઇન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું (૨) મતદારે મતદાન મથકમાં લાઇન મુજબ પોતાના વારા -માણે એક પછી એક દાખલ થવું (૩) મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તાર છોડી તુરત જ ચાલ્યા જવા જણાવાયું છે.

આ હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અદ્યિનિયમ- ૧૯૫૧ ની કલમ-૧૩૪ અને ભારતીય ફોજદારી અદ્યિનિયમ- ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ગાંધીનગર સંસદીય મત વિસ્તારના એક્ષપેન્ડિચર ઓબ્ઝર્વર પ્રવિણકુમારે ખર્ચ - સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લીધી

૬ - ગાંદ્યીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ ઘાટલોડિયા, નારણપુરા, વેજલપુર અને સાબરમતી વિદ્યાનસભા મત વિભગોમાં ઉમેદવારો અને રાજકીય પક્ષોના ચૂંટણી વિષયક ખર્ચ દેખરેખ રાખવા એક્ષપેન્ડિચર ઓબ્ઝર્વર તરીકે શ્રી -વિણકુમારની નિમંણુક કરવામાં આવી છે. એક્ષપેન્ડિચર ઓબ્ઝર્વર શ્રી -વિણકુમારે તા. ૨૫મી એ-લિ, ૨૦૧૪ના રોજ ૬ ગાંદ્યીનગર લોકસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ સાબરમતી, ઘાટલોડિયા, વેજલપુર અને નારણપુરા વિદ્યાનસભા મત વિભાગોના વિસ્તારની મુલાકાત લીદ્યી હતી. મદદનીશ ખર્ચ નિરીક્ષકશ્રીઓ તથા ફ્લાઈંગ સ્કવોર્ડ અને સ્ટેટિક સર્વેલન્સ ટીમની કામગીરીની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી -વિણકુમારે -વાસ દરમ્યાન જુહાપુરા, વેજલપુર, મકરબા, સરખેજ, વિશાલ સર્કલ, વણઝર, ગ્યાસપુરા તથા ખર્ચ સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લીદ્યી હતી. ઘાટલોડિયા વિદ્યાનસભા વિસ્તાર સમાવિષ્ટ ભાગવત વિદ્યાપીઠ સોલા ખાતે કાર્યરત સ્ટેટિક સર્વેલન્સ ટીમની મુલાકાત લઈ તેમની કામગીરીનો -ત્યેક્ષ અનુભવ કર્યો હતો. ટીમને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

દિવ્યધામમાં સંત જાગાસ્વામીની મૂર્તિ સ્થાપિત કરવા સહકારની અપીલ કરાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સેક્ટર-૩૦માં આવેલ ભવ્ય મુક્તિધામ સ્મશાન ખાતે જુનિયર સિટીજન કાઉન્સીલ દ્વારા અનેક દેવી દેવતાઓની વિશાળ કલાત્મક મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે. આ મૂર્તિઓમાંથી કેટલીક મૂર્તિઓ ખંડિત થતા જુસિકા દ્વારા મહાન સંતોની આરસની મૂર્તિઓ મુકવા સમાજને અપીલ કરાતા સૌરભ સામાજીક વિકાસ સંસ્થાન દ્વારા ભગવાન સ્વામિનારાયણના ભક્ત જાગાસ્વામીની આરસની મૂર્તિ મુકવા સત્સંગીઓનો સહકાર માગંવામાં આવ્યો છે.

દિવ્યધામ ખાતે જુસિકા દ્વારા ખંડિત થયેલ દેવી દેવતાઓની વિશાળ કલાત્મક મૂર્તિઓના સ્થાને મહાન સંતોની આરસની મૂર્તિઓ મુકવા અપીલ કરવામાં આવી હતી. આ અપીલના ઉપક્રમે સૌરભ સામાજીક વિકાસ સંસ્થાન દ્વારા ભગવાન સ્વામિનારાયણના અનાદિ મુક્તરાજ સંત જાગાસ્વામી મહારાજની મૂર્તિ સ્થાપિત કરવા સર્વે સત્સંગીઓ, હરિભક્તો, જ્ઞાતિજનોને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. આ અંગે સંસ્થાનના કન્વીનર મહેન્દ્ર ચૌહાણનો સે. ૧૪ની કર્મભૂમિ સોસાયટી ખાતે આવેલ કાર્યાલયનો સંપર્ક સાધવા જણાવાયું છે.

મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં કોઈપણ વ્યક્તિ મત માટે પ્રચાર કરી શકશે નહીં

ગાંધીનગર, તા. ૨૬

ગાંદ્યીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ વિદ્યાનસભા મતદાર વિભાગમાં લોકસભાની સામાન્ય ચૂંટણી -૨૦૧૪નું મતદાન તા. ૩૦મી એ-લિ, ૨૦૧૪ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે મતદાન મથકમાં તથા તેની નજીક -ચાર કરવા ઉપર જાહેરનામું બહાર પાડી અદ્યિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંદ્યીનગર દ્વારા -તિબંદ્ય ફરમાવવામાં આવ્યો છે.

જાહેરનામમાં અદ્યિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી એમ.ડી. મોડિયાએ જણાવ્યું છે કે, મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં કોઇ પણ વ્યક્તિ મત માટે -ચાર કરી શકશે નહી. તેમજ મતદારોને ધાક-ધમકી આપીને રંજાડીને મતદાન કરવા જતા અટકાવી શકશે નહી, કોઇ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરી શકશે નહી, અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઇ મતદારને સમજવી શકશે નહી, કોઇ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજવી શકશે નહી, ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઇ નોટીસ કે નિશાની -દર્શિત નહી કરી શકે, સેલ્યુલર/મોબાઇલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાદ્યનો લઇ જઇ શકશે નહી, વાહન સાથે ન આવવું અને મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણી પંચે અદ્યિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિ -વેશ કરી શકશે નહી.

આ હુકમ કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અદ્યિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિદ્યિસર ફરજો બજાવવા દરમ્યાન મોબાઇલ, કોડલેસ, વાયરલેસ અને અન્ય સંદેશાવ્યવહારના સાદ્યનો ઉપયોગ કરી શકશે. તે ઉપરાંત ભારતના ચૂંટણી પંચે નિમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના પોલીસ અદ્યિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોનો હવાલો ધરાવતા અદ્યિકારીઓ/કર્મચારીઓ તેમની વિદ્યિસરની ફરજો દરમ્યાન આવા સાદ્યનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ સમગ્ર ગાંદ્યીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારને લાગુ પડશે. આ હુકમનો ભંગ કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ તેમજ લોક-તિનિદ્યિત્વ દ્વારા-૧૯૫૧ની કલમ-૧૩૦ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧
સૂર્યાસ્ત : ૭.૦૩

તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૭ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૨૭ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦, ૧૦.૦૦
રીવોલ્વર રાની : ૧૨.૪૫, ૬.૪૫

: સ્ક્રીન-૩ :
સન ઓફ ગોડ (અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦
કાંચી : ૯.૩૦

: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
કાંચી : ૨.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦, ૬.૩૦
રીવોલ્વર રાની : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૬ :
સમ્રાટ એન્ડ કો. : ૧૦.૦૦ ● કાંચી : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦ ● રીવોલ્વર રાની : ૧૨.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કાંચી : ૧૦.૧૫, ૧.૨૫, ૪.૩૫, ૧૦.૨૫
સમ્રાટ એન્ડ કો. : ૭.૪૫

: સ્ક્રીન-૨ :
રીવોલ્વર રાની : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
ભૂતનાથ રીટર્ન : ૫.૧૦

: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૯.૦૦, ૧૨.૦૦
૨ સ્ટેટસ્ : ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રીવોલ્વર રાની : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૩૦
કાંચી : ૪.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :
કાંચી : ૧૦.૧૫(સવારે), ૧૦.૧૫(રાત્રી)
સમ્રાટ એન્ડ કો. : ૧.૧૫, ૭.૧૫ ● રીવોલ્વર રાની : ૪.૧૫

: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટ્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦, ૭.૦૦

આપની આજ

મેષ : જે તમારી હિતચિંતક બની રહેશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી.

વૃષભ : આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટુલ કાર્યનો ઉકેલ આવી શકે.

મિથુન : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે.

સિંહ : વ્યાપાર-વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે.

કન્યા : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. દુસ્સાહસ ન કરવું. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે.

વૃશ્ચિક : સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે.

ધન : આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છએ. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થામાં વધારો થશે.

મીન : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. જમીન, મકાન સંબંધી કાર્યોમાં પ્રગતિ.

ચિરવિદાય

- સ્વ. ગોવિંદભાઈ પૂંજાભાઈ આગજા (ઉ.વ.૬૦) પ્લોટ નં. ૮૫૬, આદર્શનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. કાન્તાબેન મણીલાલ રાણા (ઉ.વ.૫૯) પ્લોટ નં. ૪૬૨/૧, સેક્ટર-૨બી, ગાંધીનગર.
- સ્વ. રાજુજી કેશાજી ઠાકોર (ઉ.વ.૨૨) મુ.મહુધા, તા.જી. ગાંધીનગર